NCS Code: NA BFSI10

# ઇન્વેસ્ટમેન્ટ બેન્કર્સ

ફાઈનાન્સિયલ એનાલિસ્ટ/નાણાકીય વિશ્લેષક કોઇ કંપનીને તેની એકંદર નાણાકીય સ્થિતિનું સંચાલન કરવામાં મદદરૂપ થવાની જવાબદારી નિભાવે છે. તેઓ કંપનીની નફાકારકતા, જવાબદારીઓ, શક્તિઓ, નબળાઈઓ અને ભાવિ સંભાવનાઓને ઓળખવા માટે કંપનીના ડેટાનો ઉપયોગ કરે છે.



## વ્યક્તિગત નિપુણતા

- લોકોને મનાવવાનું - સમજાવવાનું તમને પસંદ છે
- તમે ગણિત વિષયમાં, ગાણિતિક બાબતોમાં સારા છો
- તમને નેતૃત્વ કરવું ગમે છે
- તમે સમસ્યાઓ/પરિસ્થિતિઓનું વિશ્લેષણ કરવાનું પસંદ કરો છો

ફી

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૧,૦૦,૦૦૦ થી ૩,૦૦,૦૦૦*** જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ** - **www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઇન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. વાણિજ્ય અથવા વિજ્ઞાન પ્રવાહમાં ધો. ૧૨ પૂર્ણ કરો (ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને જીવવિજ્ઞાન).

૨. ફાઇનાન્સ / એકાઉન્ટિંગ / અર્થશાસ્ત્ર / ગણિતશાસ્ત્ર પૈકીમાં સ્નાતક કક્ષાનો અભ્યાસ પૂર્ણ કરો.

**અથવા**

સ્નાતકની પદવી પ્રાપ્ત કર્યા બાદ, ફાયનાન્સમાં MBA કરો.

**અથવા**

સ્નાતક પૂર્ણ કરો અને પછી ચાર્ટર્ડ ફાઇનાન્સિયલ એનાલિસ્ટ પ્રોગ્રામની ત્રણ પરીક્ષાઓ આપો.

**અથવા**

સ્નાતક પૂર્ણ કરો અને પછી ઇન્વેસ્ટમેન્ટ બેન્કિંગમાં પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમાની પદવી પ્રાપ્ત કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

ઇન્વેસ્ટમેન્ટ બેન્કર્સનો અંદાજિત પગાર દર મહિને **રૂ. ૨૮,૭૫૦ થી ૫૦,૦૦૦*** જેટલો અથવા તેથી વધુ હોય છે.

સ્રોત: https://www.payscale.com/research/IN/Job=Investment_Banker/Salary

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** બેંકો, વીમા એજન્સીઓ, મ્યુચ્યુઅલ ફંડ કંપનીઓ તેમજ સ્ટોક એક્સચેન્જો સહિત અન્ય સ્થળોએ.

**ઉદ્યોગ સાહસિકતાઃ** તમે તમારો પોતાનો વ્યવસાય શરૂ કરી શકો છો.

**કાર્યસ્થળનું વાતાવરણઃ** આ એક ડેસ્ક જોબ હશે અને તમારે ટીમનું સંચાલન કરવું પડી શકે છે. સ્થાનિક મુસાફરી આ નોકરીની ભૂમિકાનો એક ભાગ છે. તમારે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ અને દરરોજ ૧૦ થી ૧૨ કલાક કામ કરવું પડશે. સંસ્થા મુજબ તે બદલાઈ શકે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે

## અપેક્ષિત પ્રગતિ પથ

એનાલિસ્ટ → એસોસિએટ → એકાઉન્ટ મેનેજર → સિનિયર એકાઉન્ટ મેનેજર → મેનેજિંગ ડિરેક્ટર

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

એસોસિયેટ-ઈન્વેસ્ટમેન્ટ બેન્કિંગ, ઈન્વેસ્ટમેન્ટ બેન્કર

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ વાણિજ્ય વિભાગ દ્વારા ચલાવવામાં આવે છે.**
સંસ્થાઓની આ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. લખનૌ યુનિવર્સિટી
૨. મુંબઈ યુનિવર્સિટી
૩. ઓસ્માનિયા યુનિવર્સિટી, હૈદરાબાદ
૪. ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
૫. દેવી અહિલ્યા વિશ્વવિદ્યાલય, ઈન્દોર
૬. બેંગલોર યુનિવર્સિટી, બેંગ્લોર
૭. બર્દવાન યુનિવર્સિટી, પશ્ચિમ બંગાળ
૮. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા, વડોદરા

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે)

૧. જે.ડી. બિરલા ઈન્સ્ટિટ્યુટ, કોલકાતા
૨. સેન્ટ ઝેવિયર્સ કોલેજ, કોલકાતા
૩. ક્રાઈસ્ટ યુનિવર્સિટી, બેંગ્લોર
૪. પારૂલ યુનિવર્સિટી, વડોદરા
૫. બિરલા ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી એન્ડ સાયન્સ, રાજસ્થાન
૬. ગલગોટીયાસ યુનિવર્સિટી, નોઈડા
૭. વેલ્લોર ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી, વેલ્લોર, તમિલનાડુ
૮. નિરમા યુનિવર્સિટી, અમદાવાદ

સંસ્થાઓના રેન્કિંગની માહિતી અહીં ઉપલબ્ધ છે – https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- NPTEL* સ્વયમ: https://swayam.gov.in/explorer?searchText=commerce

*NPTEL-નેશનલ પ્રોગ્રામ ઈન ટેકનોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

સોનલ બિયાણી દિવસ દરમિયાન ઈન્વેસ્ટમેન્ટ બેન્કર અને રાત્રે સ્ટેન્ડ-અપ કોમિકની ભૂમિકા ભજવે છે. ભૂતપૂર્વ એનાલિસ્ટ તરીકે, તેઓ બેઝિક રૂટ્સ કન્સલ્ટિંગના સ્થાપક ભાગીદારોમાં પૈકીના એક છે - એક રોકાણ સલાહકાર પેઢી જે સ્ટાર્ટઅપ્સને ભંડોળ એકત્ર કરવામાં મદદ કરે છે. તેણીએ જે.એન. વ્યાસ યુનિવર્સિટી, જોધપુરમાંથી એન્જિનિયરીંગની પદવી અને ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ફોરેન ટ્રેડ, નવી દિલ્હીમાંથી એમ.બી.એ. (માસ્ટર ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન) પૂર્ણ કર્યું છે.*

સ્રોતઃ https://yourstory.com/herstory/2022/08/meet-sonal-biyaniinvestment-banker-by-day-stand-up

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.